આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જાગૃતિ વકિલ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-13-11-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

-----------------------------------------------------------------------

# વિધાનસભા ચૂંટણી

ઝારખંડ વિધાનસભા ચૂંટણી સહિત **10** રાજ્યોની **31** વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી આજે યોજાશે. કેરળની વાયનાડ લોકસભા બેઠકની પેટાચૂંટણી માટે પણ મતદાન થશે. આ ઉપરાંત ગુજરાતમાં વાવ વિધાનસભાની પેટાચૂંટણી માટે પણ મતદાન થશે.

ઝારખંડમાં પ્રથમ તબક્કામાં **43** બેઠકોની ચૂંટણી માટે તમામ સલામતી વ્યવસ્થા પૂર્ણ થઈ ગઇ છે. મતદાન સવારે સાત વાગે શરૂ થશે. અને સાંજે પાંચ વાગે પૂર્ણ થશે. એક કરોડ **37** લાખથી વધુ મતદારો - **73** મહિલા ઉમેદવારો સહિત **683** ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. સલામતી દળોએ મતદારોમાં વિશ્વાસ કેળવવા માટે સંવેદનશીલ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ યોજી હતી. અગાઉ **10** રાજ્યોની **33** વિધાનસભા બેઠકો માટે ચૂંટણી યોજાવાની હતી, પણ સિક્કિમની બે બેઠકો પર સિક્કિમ ક્રાંતિકારી મોરચાનાં બંને ઉમેદવારોને બિનહરીફ જાહેર કરાતા હવે **31** બેઠકો માટે મતદાન યોજાશે.

**RNU** અમદાવાદ

-----------------------------------------------------------------------

## વાવ બેઠક ચૂંટણી

ગુજરાત વિધાનસભાની વાવ બેઠકની પેટા ચૂંટણી માટે આજે હવે ગણતરીની ઘડીઓમાં મતદાન શરૂ થશે. આ બેઠક ગેનીબેન ઠાકોર લોકસભામાં ચૂંટાતા ખાલી પડી હતી. આજે યોજાનાર મતદાન માટે વાવ વિસ્તારનાં **179** ગામોનાં **321** મતદાન મથકો પર **3** લાખ **10** હજાર **775** મતદારો પોતાનાં મતાધિકારનો પ્રયોગ કરશે. ચૂંટણી જંગમાં **10** ઉમેદવારો છે. પરંતુ મુખ્ય મુકાબલો ભાજપના સ્વરૂપસિંહ ઠાકોર, કોંગ્રેસનાં ગુલાબસિંહ રાજપૂત અને ભાજપમાંથી બરતરફ કરાયેલ અપક્ષ ઉમેદવાર માવજી પટેલ વચ્ચે થશે એમ મનાય છે. મતદાન પછી વોટિંગ મશીન પાલનપુર લઈ જવાશે. જ્યાં **23**મી નવેમ્બરના મત ગણતરી હાથ ધરાશે.

પદ્દ્મણીભાઈ

---------------------------------------------------------------------------

## રાજ્યપાલ : વડતાલ મહોત્સવ

સ્વામીનારાયણ સંપ્રદાય ભાવી પેઢીને સંસ્કૃતિથી જોડવામાં પ્રવૃત છે. તથા સમાજ સેવાના તમામ ક્ષેત્રોમાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું છે. જે વિશ્વ વ્યાપી બનવા સાથે આવનારી પેઢી માટે પ્રેરણાદાયી બની રહેશે. લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવની મુલાકાતે વડતાલ આવેલા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આ મુજબ જણાવ્યું હતું. વધુમાં વડતાલધામ ખાતે ગૌમહિમા દર્શન- પ્રદર્શનની મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. સંસારનો ત્યાગ કરી કઠોર જીવન માર્ગ અપનાવનાર **47** નવદિક્ષિતને રાજ્યપાલે શુભકામનાઓ પાઠવી હતી.

**N.P/**જાગૃતિ વકિલ

---------------------------------------------------------------------------

## રાજ્યમાં શિક્ષક બદલી

રાજ્ય સરકાર દ્વારા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને શિક્ષણ સહાયક અને મદદનીશ શિક્ષકોની બદલીના નિયમો જાહેર કરવામાં આવ્યા છે. શિક્ષણમંત્રી કુબેર ડિંડોર દ્વારા સોશ્યિલ મીડિયા પર પોસ્ટ કરી આપવામાં આવેલી માહિતી મુજબ શિક્ષણ સહાયક કે, મદદનીશ શિક્ષક જેમની ઓછામાં ઓછી બે વર્ષની સેવા પુરી થઈ હોય તેઓ જિલ્લા બદલી માટે ઓનલાઈન અરજી કરી શકશે. મેરીટ પોઈન્ટનો ઉપયોગ કરાશે.

**N.P/જાગૃતિ વકિલ**

---

## કચ્છ કૃષિ : ઓનલાઈન અરજી

કચ્છમાં ટેકાના ભાવે બાજરી વેચાણ માટે **10** પૈકી **5** તાલુકામાંથી **987** ખેડૂતોએ ઓનલાઇન અરજી કરી નોંધણી કરાવી હતી, જેમાંથી આધાર-પૂરાવા વિનાની **341** અરજી બ્લોક કરી દેવાઇ છે. ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઇની ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરવામાં આવશે. કચ્છમાં માત્ર બાજરીના વેચાણ માટે જ જિલ્લાના **10** તાલુકામાંથી **5** તાલુકા જેવા કે, અંજાર, અબડાસા, ભચાઉ, માંડવી અને રાપરના **987** ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવી હતી. હાલની સ્થિતિએ **646** માન્ય રહી છે. નિગમ દ્વારા ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે.

**N.P/જાગૃતિ વકિલ**

---

## હવામાન

ગઈકાલે નલિયા ખાતે રાજ્યમાં કેશોદની સાથે સૌથી ઓછું લઘુતમ તાપમાન **18** ડિગ્રી નોંધાવાની સાથે મોડી રાત્રે શિયાળાની શરૂઆતની ઠંડક પ્રસરી હતી. જયારે મહતમ તાપમાન **35.2** ડિગ્રી નોંધાયું હતું. તો ભુજ ખાતે મહતમ ઉષ્ણતામાન **35.8** ડિગ્રી રહ્યું છે. કચ્છભરમાં દિવસે ગરમીની હાજરી યથાવત રહેવા સાથે મોડી રાત્રે ઠંડક અનુભવાઈ હતી.

**N.P/જાગૃતિ વકિલ**

---------------------------------------------------------------------------------

## કચ્છ યુનિ.

**2003**માં સ્થાપપિત થયેલી કચ્છ યુનિ.ના સર્વાંગીણ વિકાસ માટે પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષક અભિયાનની ગ્રાન્ટમાંથી યુનિ.ને મળેલ **20** કરોડની માતબર ગ્રાન્ટમાંથી શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રમાં ભાવિ વિકાસને ધ્યાને લઈ અનેક પ્રકલ્પો હાથ ધરવામાં આવશે. આ ગ્રાન્ટ સંદર્ભે યુનિ. દ્વારા એક સવગ્રાહી પ્રોજેકટ તૈયાર કરવામાં આવ્યો હતો જેને સરકારની વિધિવત મંજૂરીની મહોર મળી ગઈ છે. આ ગ્રાન્ટમાંથી યુનિ.માં સ્ટુડન્ટ ફેસિલિટી સેન્ટર, કચ્છીયતને ઉજાગર કરતું સંગ્રહાલય, ડિજિટલ સ્ટુડિયો, ઈન્ડિયન નોલેજ સિસ્ટમ સેન્ટર સ્થાપવા સહિતના કાર્યો હાથ ધરવામાં આવશે. કચ્છ યુનિ.ના કુલપતિ ડો. મોહન પટેલ અને કુલસચિવ ડો. અનિલ ગોરે વિસ્તૃત વિગતો આપતાં કહ્યું કે, પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાનમાંથી આ માતબર ગણી શકાય તેવી ગ્રાન્ટ યુનિ.ને મળ્યા બાદ આ ગ્રાન્ટનો વપરાશ યોગ્ય રીતે થાય તે દિશા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

**N.P/જાગૃતિ વકિલ**

---------------------------------------------------------------------------------